# આજે અગ્નિ-૫ મિસાઈલનું પરીક્ષણ

નવી દિલ્હી,તા. ૧૪

ભારત આવતીકાલે ઓરિસ્સાના દરિયાકાંઠે સ્થિત વિલર આઈલેન્ડથી બીજી વખત ૫૦૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી અગ્નિ-૫ મિસાઈલનું પરીક્ષણ કરવાની તૈયારીમાં છે. આના માટેનું કાઉન્ટ ડાઉન પણ શરૂ થઈ ગયું છે. ચીન સામે દેશની પરમાણુ ક્ષમતાને રજૂ કરવાના હેતુસર આને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એપ્રિલ ૨૦૧૨માં આ મિસાઈલનું પ્રથમ વખત પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઈલના પરીક્ષણ ઉપર તમામ વિશ્વના લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. આ મિસાઈલ ચીનમાં કોઈપણ જગ્યાએ એક ટન ન્યુક્લીયર વોરહેર લઈને ત્રાટકવાની



ક્ષમતા ધરાવે છે. આ મિસાઈલનું પરીક્ષણ એવા સમયે કરવામાં આવી રહ્યું છે જ્યારે ચીન દ્વારા વારંવાર ઘૂસણખોરી કરવામાં આવી રહી છે. દ્વિપક્ષીય લશ્કરી સંબંધો સતત ખરાબ થઈ રહ્યા છે ત્યારે આ પરીક્ષણ ઉપર ભારતીય વૈજ્ઞાનિકોની નજર પણ કેન્દ્રીત થઈ ગઈ છે. ભારતે એરફોર્સના વડા એનએકે બ્રાઉનની સૂચિત ચીનની યાત્રા પણ રદ કરી દીધી છે. ૧લી સપ્ટેમ્બરના દિવસે એક અહેવાલ પ્રકાશિત થયા બાદ એવું જાણવા મળી રહ્યું છે કે ચીન સાથેના સંબંધો તંગદિલીપૂર્ણ બન્યા છે. આ જ કારણસર આ યાત્રા પણ રદ કરવામાં આવી છે. બેજિંગ સાથે હાલમાં રાજદ્વારી સંબંધો ઘટાડી દેવામાં આવ્યા છે. સરંક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા ૧૭ મીટર લાબી બેલાસ્ટિક મિસાઈલને ઓપરેશનલ તરીકે જાહેર કરતા પહેલાં ઓછામાં ઓછા ત્રણ પરીક્ષણો કરવાની પણ યોજના ધરાવે છે. લશ્કરમાં આને સામેલ કરવાની તૈયારી પહેલાથી જ કરી લેવામાં આવી છે. અગ્નિની પ્રવર્તમાન આવૃત્તિઓની રેન્જ ૭૦૦ કિલોમીટરથી લઈને ૩૫૦૦ કિલોમીટર સુધીની છે. અગ્નિ-૫ મિસાઈલ સૌથી મોટી મિસાઈલ છે જેની રેન્જ પણ સૌથી વધારે હોવાનું જાણવા મળી રહ્યું છે. અગ્નિ મિસાઈલનું નામ અગ્નિ દેવતાના નામ પર રાખવામાં આવ્યુ છે. આ સિરિઝની પ્રથમ મિસાઈલ અગ્નિ-૧ મિસાઈલ ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ વિકસિત કરવામાં આવી હતી અને ૧૯૯૧માં પ્રથમ વખત આ મિસાઈલનું પરિક્ષણ કરાયુ હતુ. તેની સફળતા બાદ અગ્નિ મિસાઈલ કાર્યક્રમ ઈન્ટેગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામથી અલગ કરી દેવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૦૮ સુધી અગ્નિની જુદી જુદી આવૃત્તિ તૈયાર કરાઈ હતી. હાલમાં ભારત પાસે અગ્નિ-૫ મિસાઈલના ટેસ્ટ થઈ ચુક્યા છે જે પૈકી અગ્નિ-૪ અને અગ્નિ-૫ ટેસ્ટિંગના તબક્કામાં છે જ્યારે અગ્નિ-૧, ૨, ૩ ઓપરેશનલ છે. જ્યારે અગ્નિ-૬ જેની રેન્જ ૮૦૦૦થી ૧૦૦૦૦ કિલોમિટરની છે.

### અગ્નિ મિસાઈલોની સ્થિતિ

અગ્નિ મિસાઈલ સિરિઝમાં ભારતે ઘણી મિસાઈલો બનાવી છે. ભારતે અગ્નિ-૧, ૨ અને ૩ મિસાઈલો ઓપરેશનનમાં મુકી દીધી છે જ્યારે ચાર અને પાંચ ટેસ્ટીંગ હેઠળ છે. અગ્નિ એક મિસાઈલની રેન્જ ૭૦૦થી ૧૨૫૦ કિમીની છે જ્યારે અગ્નિ-૫ મિસાઈલની રેન્જને ૮૦૦૦ કિમી સુધી વધારી શકાય છે. જુદી જુદી મિસાઈલોની સ્થિતિ નીચે મુજબ છે.

| નામ | ટાઈપ | રેન્જ |
|---|---|---|
| અગ્નિ-૧ | આઈઆરબીએમ | ૭૦૦-૧૨૫૦ કિમી (ઓપરેશનલ) |
| અગ્નિ-૨ | આઈઆરબીએમ | ૨૦૦૦-૩૦૦૦ કિમી (ઓપરેશનલ) |
| અગ્નિ-૩ | આઈઆરબીએમ | ૩૫૦૦-૫૦૦૦ કિમી (ઓપરેશનલ) |
| અગ્નિ-૪ | આઈઆરબીએમ | ૩૦૦૦-૪૦૦૦ કિમી (ટેસ્ટીંગ) |
| અગ્નિ-૫ | આઈસીબીએમ | ૫૦૦૦-૮૦૦૦ કિમી (ટેસ્ટીંગ) |
| અગ્નિ-૬ | આઈસીબીએમ | ૮૦૦૦-૧૦૦૦૦ (વિકાસ હેઠળ) |

## કિસ્તવાર સાંપ્રદાયિક હિંસામાં જ્યુડિશિયલ તપાસનો દોર શરૂ

નવી દિલ્હી,તા. ૧૪

જમ્મુ કાશ્મીરના કિસ્તવાર શહેરમાં નવમી ઓગસ્ટના દિવસે ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસામાં જ્યુડિશિયલ તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. આ તપાસ આજે વિધિવતરીતે શરૂ થઈ ગઈ હતી. સૂત્રોએ કહ્યુ છે કે જસ્ટિસ(નિવૃત્ત) આરસી ગાંધી આજથી કિસ્તવાર શહેરમાં ટ્યુરિસ્ટ રિસિપ્શન સેન્ટરથી સક્રિય રહીને તપાસ હાથ ધરી રહ્યા છે. જસ્ટિસ ગાંધી એવા વિસ્તારમાં પણ જશે જ્યાં સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી. અને પરિસ્થિતિને હાથ ધરતીવેળા કોઈ પણ પ્રકારની સુરક્ષા ખામીઓ રહી હતી કે કેમ તેમાં પણ તપાસ કરશે. વહીવટી ખામીઓમાં પણ તપાસ કરશે. અત્રે નોંધનીય છે કે કિસ્તવારમાં હાલમાં જ ભડકેલી સાંપ્રદાયિક હિંસામાં ત્રણ લોકોના મોત થઈ ગયા હતા અને કરોડો રૂપિયાની સંપત્તિને નુકસાન થયુ હતુ. ૨૩મી ઓગસ્ટના દિવસે રાજ્યસરકાર દ્વારા તપાસનો આદેશ કરવામાં આવ્યો હતો.

નિવૃત્ત જજ એક મહિનાની અંદર તેમનો અહેવાલ સૂપ્રત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. પોલીસે નવમી ઓગસ્ટના દિવસો કિસ્તવારમાં ભડકેલી હિંસા અને આગના બનાવોમાં તપાસ દરમિયાન ૫૦થી વધુ લોકોની ધરપકડ કરી હતી. ત્રણ લોકોના મોતના સંબંધમાં હજુ સુધી કોઈની ધરપકડ કરાઈ નથી. કોમી હિંસામાં ત્રણ લોકોના મોત થયા છે. જમ્મુ કાશ્મીરના પૂર્વ ગૃહપ્રધાન સાજ્જાદ અહેમદે હિંસા બાદ રાજીનામુ આપ્યુ હતુ. રાજ્યસરકારને કિસ્તવારમાં શાંતિ સ્થાપિત કરવા માટે સેનાને બોલાવવાની ફરજ પડી હતી. તોફાની ટોળાએ નવમી ઓગસ્ટના દિવસે એક દુકાનમાંથી ૪૦ બંદૂકોની લૂંટ ચલાવી હતી. પોલીસે હજુ સુધી ચોરી કરવામાં આવેલા બે ડઝનથી વધુ હથિયારો કબજે કર્યા છે. કિસ્તવારમાં સાંપ્રદાયિક હિંસાના કારણે સાવચેતીના પગલારૂપે એ ગાળામાં વાર્ષિક અમરનાથ યાત્રાને પણ રોકવાની ફરજ પડી હતી.

## મોદીની પસંદગીથી ભાજપ વિનાશ તરફ : નીતિશ

નવી દિલ્હી,તા. ૧૪

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે આજે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદીને પક્ષના વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાના મામલે ભાજપની જોરદાર ઝાટકણી કાઢી હતી. નીતિશકુમારે કહ્યુ હતુ કે ભાજપ વિનાશના પથ પર આગળ વધશે. વિનાશના સમયે જે રીતે બુદ્ધિ પણ વિપરિત દિશામાં કામ કરે છે તેવી સ્થિતિ ભાજપમાં સર્જાઈ છે. ભાજપ પોતાના માર્ગ પરથી ખસી ગયુ છે. વિનાશકાળે વિપરિત બુદ્ધિ જેવા શબ્દોનો ઉપયોગ નીતિશકુમારે કર્યો હતો. નીતિશકુમારે પત્રકારો સાથે વાતચીત કરતા પટણામાં કહ્યુ હતુ કે ભાજપ સાથે તેમના પક્ષના સંબંધો તૂટી જવા માટે ઘણા કારણો જવાબદાર રહ્યા હતા. ૧૭ વર્ષ સુધી એનડીએમાં રહ્યા બાદ મોદીની પસંદગીને લઈને ભાજપ સાથે જેડીયુના સંબંધોનો અંત આવી ગયો હતો કારણ કે ભાજપ વિપક્ષી એકતાની સામે કામ કરી રહ્યુ હતુ. જેડીયુના વરિષ્ઠનેતાએ કહ્યુ હતુ કે દેશ વિભાજિત તત્વોને ક્યારે પણ સ્વીકારશે નહીં. ભ્રષ્ટાચાર અને ભાવ વધારા જેવા મુદ્દાઓ પણ યુપીએ સરકાર સામે સંયુક્ત વિપક્ષનો હાલમાં સમય છે પરંતુ ભાજપ પોતાના કેટલાક એજન્ડા પર કામ કરી રહ્યુ છે. એક કાર્યક્રમમાંથી બહાર



નીકળ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા નીતિશકુમારે આ મુજબની વાત કરી હતી. રવિન્દ્ર ભવનમાં સ્વસ્થ્ય સમાગમ બિહાર કા ઉત્થાન કાર્યક્રમમાં નીતિશકુમારે ભાગ લીધો હતો. કુમારે ઉમેર્યુ હતુ કે એનડીએમાં નવા ભાગીદારો ઉમેરવાના બદલે ભાજપે જેડીયુ જેવા વિશ્વાસપાત્ર મિત્રો ગુમાવી દીધા છે. આ વર્ષે ૧૬મી જુનના દિવસે ભાજપ સાથે જેડીયુએ છેડો ફાડી લીધો હતો. નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદ કરવા પક્ષની અંદર જ ભાજપના વરિષ્ઠનેતા અડવાણીને સાઈડલાઈન કરી દેવામાં આવ્યા છે તે અંગે પૂછવામાં આવતા કુમારે કહ્યુ હતુ કે ભાજપમાં વરિષ્ઠનેતાઓ માટે કોઈ સન્માન નથી.

ભાજપમાં ઉજવણી અંગે તેમણે કહ્યુ હતુ કે ભાજપના પોતાના ઘરની અંદર જ ખેંચતાણની સ્થિતિ છે. ભાજપ દ્વારા તેમના નેતાની તરફેણમાં સ્થિતિ ઉભી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે પંરતુ આ પ્રયાસ સફળ રહેશે નહીં. નીતિશે એનડીએ સાથે અલગ થવાના નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યુ હતુ કે તેઓએ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કર્યો હતો. જેડીયુએ ત્રણ મહિના પહેલા જ સ્થિતિ જાણી લીધી હતી. નીતિશકુમારે કહ્યુ હતુ કે આજે દેશમાં શાસક ગઠબંધનની સામે માહોલ છે.

## ઓરિસ્સામાં અથડામણમાં ૧૪ માઓવાદી મોતને ઘાટ

નવી દિલ્હી,તા. ૧૪

ઓરિસ્સા-છત્તીસગઢ સરહદ ઉપર માઓવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભીષણ અથડામણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ઓરિસ્સાના



મલકાનગિરી જિલ્લામાં થયેલા આ એન્કાઉન્ટરમાં ઓછામાં ઓછા ૧૪ માઓવાદીઓને મોતને ઘાત ઉતારી દેવામાં આવ્યા છે. તાજેતરના સમયમાં માઓવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે સૌથી મોટી અથડામણ તરીકે આને ગણવામાં આવે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે માર્યા ગયેલા માઓવાદીઓની પાસેથી મોટી માત્રામાં હથિયારોનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. જપ્ત કરવામાં આવેલા જથ્થામાં શસ્ત્રો અને દારૂગોળાનો સમાવેશ થાય છે. હાલમાં જ એવા ઈન્ટલિજન્સ અહેવાલ મળ્યા હતા કે માઓવાદીઓ દ્વારા મોટાપાયે અતિ આધુનિક હથિયારો મેળવવામાં આવી રહ્યા છે. સાથે સાથે અન્ય દેશોની મદદથી નવી ટેકનોલોજનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ઈન્ટલિજન્સ અહેવાલ બાદ સુરક્ષાદળો દ્વારા પૂરતા પગલાં લેવામાં આવી રહ્યા હતા. હવે ૧૪ માઓવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા બાદ માઓવાદીઓનો મામલો ફરી એકવાર સપાટી ઉપર આવ્યો છે. તાજેતરમાં જ છતીસગઢમાં માઓવાદીઓના એક અડ્ડા પર દરોડા પાડવામાં આવ્યા બાદથી ચિંતા વધી ગઈ છે. કારણ કે અહીં હાઈટેક શસ્ત્રો, દારૂગોળાનો જથ્થો અને ગેજેટ મળી આવ્યા હતા જે દર્શાવે છે કે નક્સલવાદીઓ નક્સવાદીગ્રસ્ત રાજ્યમાં સુરક્ષાદળો સામે મોબાઈલ વોરફેર વ્યૂહરચનાને પણ મજબૂત કરી રહ્યા છે.

અતિ આધુનિક જીપીએસ સિસ્ટમ, ચીનમાં બનેલી દુર્બીનો, કલેમોર લેન્ડમાઈન, ઘણા નવા સાધનો માઓવાદીઓના અડ્ડામાંથી મળી આવ્યા હતા. માઓવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે અથડામણ ક્યારેય શરૂ થઈ હતી અને સુરક્ષાદળોના પક્ષે કોઈ ખુવારી થઈ છે કે કેમ તે અંગે કોઈપણ પ્રકારની માહિતી મળી શકી નથી. માઓવાદીઓની હિંસાને રોકવા માટેના પ્રયાસોને કેન્દ્રને પણ સફળતા મળી નથી. કારણ કે માઓવાદીઓ સામે ઓપરેશનને લઈને ઘણા રાજકીય પક્ષો વાંધો ઉઠાવી રહ્યા છે.

## ભાજપમાં પરત ફરવાનો યેદિયુરપ્પાનો ફરી સંકેત

નવી દિલ્હી,તા. ૧૪

કર્ણાટકમાં ભાજપના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આગામી ચૂંટણી માટે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા બાદ કહ્યુ હતુ કે ભાજપમાં તેઓ પરત ફરી શકે છે. મોદીના નામની જાહેરાત થયા બાદ જ તરત જ યેદિયુરપ્પાએ કહ્યુ હતુ કે અમે ૧૮ અને ૧૯મી સપ્ટેમ્બરના દિવસે કર્ણાટક જનતાપાર્ટીના વરિષ્ઠનેતાઓ સાથે વાતચીત કર્યા બાદ અંતિમનિર્ણય કરીશું. કર્ણાટકમાં ભાજપની પ્રથમ સરકારના પ્રથમ મુખ્યમંત્રી યેદિયુરપ્પા જ બન્યા હતા. પરંતુ ભ્રષ્ટાચારના કારણે તેમને રાજીનામુ આપવાની ફરજ પડી હતી મોડેથી તેમને ભાજપમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. યેદીયુરપ્પાએ કહ્યુ હતુ કે તેઓ મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાના નિર્ણયનું સ્વાગત કરે છે. એનડીએની મજબુતી માટે તેઓ કામ કરશે.

ખાણ કૌભાંડના આક્ષેપોને લઈને યેદિયુરપ્પાએ જુલાઈ ૨૦૧૧માં મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવાની ફરજ પડી હતી ત્યાર બાદ ભાજપ સાથે યેદિયુરપ્પાએ છેડો ફાડી દીધો હતો અને પોતાની નવી પાર્ટી કેજેપીની રચના કરી હતી. પાંચમી મેના દિવસે કર્ણાટકમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીનો નબળો દેખાવ રહ્યો હતો અને માત્ર છ જ બેઠકો જીતી હતી.

**સેનાને આધુનિક શસ્ત્રોથી સજ્જ કરાશે**

## ૧૫૦૦૦ કરોડની જંગી શસ્ત્ર સમજૂતીને આખરે મંજૂરી મળી

નવી દિલ્હી,તા. ૧૪

સરંક્ષણ મંત્રાલય દ્વારા ૧૫૦૦૦ કરોડની કિંમતની શસ્ત્ર સોદાબાજીને લીલીઝંડી આપી દીધી છે. પાકિસ્તાન અને ચીન જેવા દેશો મોટાપાયે હથિયારો અને અતિ આધુનિક ટેકનોલોજી મેળવવામાં વ્યસ્ત છે ત્યારે ભારતના સરંક્ષણ મંત્રાલયે પણ ૧૫૦૦૦ કરોડની શસ્ત્ર સોદાબાજીને મંજૂરી આપી દીધી છે. આ શસ્ત્ર સોદાબાજીમાં છ વધુ અમેરિકન સી-૧૩૦ જે સુપર હરક્યુલસ વિમાન, ૨૩૬ રશિયન ટી-૯૦ એસ મુખ્ય યુદ્ધ ટેન્ક અને ૪૪૦૦ નવી લાઈટ મશીનગર (એલએન્ડજી)નો સમાવેશ થાય છે. સરંક્ષણ મંત્રી એ કે એન્ટોનીના નેતૃત્વમાં ડિફેન્સ એક્વીજીશન ટાઉન્શીપ (ડીએસી)ની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં આ પ્રોજેક્ટોને લીલીઝંડી આપવામાં આવી હતી. આ બેઠકમાં ત્રણે સેનાઓના વડા અને સરંક્ષણ સચિવ ઉપસ્થિત રહ્યા હતા. આગામી સપ્તાહમાં અમેરિકાના સરંક્ષણ માટેના નાયબ પ્રધાન બી કાર્તર ભારતના પ્રવાસે આવી રહ્યા છે ત્યારે આ સમજૂતીને મંજૂરી આપવામાં આવી છે. સી-૧૩૦ જે સમજૂતી ચાર મોટી ભારતીય સમજૂતી પૈકીની એક છે. આ સમજૂતી આશરે ૫ અબજ ડૉલરની આસપાસની છે. અન્ય ત્રણ સમજૂતીમાં ૨૨ એપચ એટેક હેલિકોપ્ટર (૧.૪ અબજ ડૉલર), ૧૪૫ એમ૭૭૭ અલ્ટ્રા લાઈટ હોવિત્જર (૮૮૫ મિલિયન ડૉલર) અને ૧૫ ચાઈનીસ હેવી લીફટ હેલિકોપ્ટર્સ (૧ અબજ ડૉલર)નો સમાવેશ થાય છે. છ વધુ નવા કોન્ટ્રાક્ટ સી-૧૩૦ જે વિમાન સોદો ૪૦૦૦ કરોડનો છે. આ સમજૂતી અમેરિકાની વિદેશ લશ્કરી વેચાણ કાર્યક્રમ હેઠળ સરકારથી સરકાર સાથેની સિધી સમજૂતી છે. આ સમજૂતી હવે આગામી મહિનામાં અંતિમ મંજૂરી માટે સુરક્ષા અંગેની કેબિનેટ સમક્ષ જશે. સી-૧૩૦ જે વિમાન પૈકીના પ્રથમ છ વિમાન હિન્દોર એરબેઝ ખાતે સ્થિત આઈએએફને મળી ગયા છે જ્યારે છ નવા સુપર હેરક્યુલસ વિમાન પશ્ચિમ બંગાળમાં પાનાગઢ ખાતે રાખવામાં આવશે. નવી માઉન્ટેન સ્ટ્રાઈક કોર્પ માટે પાનાગઢને હેડકવાર્ટર તરીકે ગણવામાં આવશે. ખૂબ મહાકાય સમજૂતી હાલમાં કરવામાં આવી રહી છે. એલએન્ડજી પ્રોજેક્ટ સેનાને વધુ મજબૂત કરવાના ભાગરૂપે છે.

## કોર્પોરેટ જગતના લોકો પણ નરેન્દ્ર મોદીની સાથે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૧૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આખરે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરી દેવામાં આવ્યા છે. મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરવા માત્ર સંઘના લોકોએ જ નહીં બલ્કે કોર્પોરેટ જગતના લોકોએ પણ મોદીના મામલે જોરદાર દબાણ ઊભું કર્યું હતું. કોર્પોરેટ જગત પણ મોદીથી ખૂબ જ ખુશ હોવાના અહેવાલ મળી રહ્યા છે. કોર્પોરેટ જગતે સાફ શબ્દોમાં કહ્યું હતું કે જો ભાજપ મોદીને વહેલી તકે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નહીં તો પોતાના સમર્થનના મામલામાં ફેરવિચારણા કરશે. હકીકતમાં કોર્પોરેટ જગત પણ મોદીની કુશળતાથી ખૂબ જ પ્રભાવિત છે. મોદીએ જે રીતે ગુજરાતમાં આર્થિક વિકાસને લઈને નિર્ણય કર્યા છે તેનાથી કોર્પોરેટ જગતના ઘણા દિગ્ગજ લોકો મોદીથી પ્રભાવિત છે. તેમનું માનવું છે કે ઝડપથી કામ કરવા માટે મોદીના તરીકા આ સમયમાં આર્થિક મોરચે ખૂબ જરૂરી છે. આર્થિક મોરચે અતિ ઝડપથી નિર્ણય લઈ શકાય છે.

આ કોર્પોરેટ જગતમાંથી મોટાભાગના લોકોએ પણ ગુજરાતમાં રોકાણ કર્યું છે. મોદીની આર્થિક ઉદારવાદી વિચારધારાથી તેઓ ખૂબ જ પ્રભાવિત છે. વિડીયોકોનના વડા વેણુગોપાલ ધૂતનું કહેવું છે કે દેશ હાલના સમયમાં આર્થિક મોરચા પર ઘણા પડકારોનો સામનો કરી રહ્યું છે આવી સ્થિતિમાં દેશને એક એવા નેતાની જરૂર છે જે સમસ્યાઓને ધ્યાનમાં લઈને નિર્ણય લેવામાં વિલંબ ન કરે. ઓદ્યોગિક સંગઠન પીએચડી સીસીઆઈના પૂર્વ અધ્યક્ષ એલ કે મલ્હોત્રાનું કહેવું છે કે આ વખતની લોકસભાની ચૂંટણીમાં આર્થિક મુદ્દા મહત્વના રહેશે.

## અકોલામાં અડવાણીની સૂચિત રેલી હાલ મોકુફ

અગ્રા,તા. ૧૪

ઉત્તરપ્રદેશના અકોલા શહેરમાં ભાજપના વરિષ્ઠનેતા એલકે અડવાણીની સૂચિત રવિવારની ભાજપ રેલીને ઉત્તરપ્રદેશની સરકારે સુરક્ષાના કારણોસર મોકુફ કરી દીધી છે. આ રેલી ૨૯મી સપ્ટેમ્બર સુધી મોકુફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગ્રાના ડિવિજનલ કમિશનર પ્રદિપ ભટનાગર અને વરિષ્ઠ જિલ્લા અધિકારીઓએ શુક્રવારે મોડી રાત્રે ભાજપના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ભાજપના સ્થાનિક સાંસદ રામશંકર કથેરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ કહ્યુ હતુ કે જો રાજ્યમાં પરિસ્થિતિ સામાન્ય બની જશે તો અકોલામાં ૨૯મી સપ્ટેમ્બરના દિવસે રેલીને મંજુરી આપવામાં આવશે. શુક્રવારના દિવસે આ રેલીને મોકુફ કરવામાં આવી હતી. ગઈકાલે જ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીના નામની જાહેરાત કરાઈ હતી. સાંસદ વરૂણ ગાંધી પણ અકોલા રેલીને સંબોધન કરનાર હતા.

## મનમોહનસિંહ સોમવારે મુજફ્ફરનગરમાં પહોંચશે

નવી દિલ્હી,તા. ૧૪

ઉત્તરપ્રદેશનામુજફ્ફરનગરમાં તાજેતરમાં જ વિનાશકારી સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસામાં મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા હતા. પરિસ્થિતિની સમીક્ષા કરવા વડાપ્રધાન મનમોહનસિંહ સોમવારના દિવસે મુજફ્ફરનગરની મુલાકાત લેનાર છે. તેમની આ મુલાકાતને ખૂબ મહત્વપૂર્ણ ગણાવામાં આવે છે. મનમોહનસિંહ ઘટનાસ્થળ પર જઈને પરિસ્થિતિની સમીક્ષા કરશે સાથે સાથે ટોચના અધિકારીઓને મળશે. એક સપ્તાહ અગાઉ જ મુજફ્ફરનગરમાં વ્યાપક કોમી હિંસા ભડકી ઉઠી હતી. સિંહ મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરશે. તેઓ મુખ્યમંત્રી અખિલેશ યાદવને પણ મળશે. સાંપ્રદાયિક હિંસામાં ૪૭ લોકોના મોત થઈ ચુક્યા છે.

આ કોમી હિંસાને તાજેતરના સમયની સૌથી વિનાશક કોમી હિંસા તરીકે ગણવામાં આવે છે. મોટી સંખ્યામાં લોકો હજુ પણ સારવાર હેઠળ છે. ઘણા લોકો લાપતા થયેલા છે. સિંહ ઈજાગ્રસ્તોને મળવા માટે હોસ્પિટલ પહોંચે તેવી પણ શક્યતા છે. વડાપ્રધાને સાંપ્રદાયિક હિંસાને વખોડી કાઢીને માર્યા ગયેલા લોકો અંગે દુખની લાગણી વ્યક્ત કરી હતી. તેઓએ મુખ્યમંત્રી સાથે પણ અગાઉ વાત કરી હતી. કેન્દ્ર સરકારની મદદ કરવાની ખાતરી પણ આપી હતી. સિંહે કોમી હિંસામાં માર્યા ગયેલા લોકોના નજીકના સંબંધીઓને બે-બે લાખ રૂપિયા આપવાની પણ જાહેરાત કરી હતી. ઘાયલો માટે ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. મુજફ્ફરનગરની સાપ્રદાયિક હિંસા બાદ કેન્દ્ર સરકારે ૨૩મી સપ્ટેમ્બરના દિવસે નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સીલની મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે જેમાં કોમી એકતા અને અન્ય સંબધિત મુદ્દાઓ પર ચર્ચા કરાશે.

## સમાચાર ઝલક

- ♥ મુઝફ્ફરનગરમાં શાંતિ, વડાપ્રધાન, મુખ્ય પ્રધાન મુલાકાત લેશે.
- ♥ ઓરિસ્સામાં ૧૪ નક્સલીઓનાં પોલીસ ગોળીબારમાં મોત.
- ♥ મણીપુર બોંબ વિસ્ફોટથી ૩ નાં મોત.
- ♥ બિહારમાં વિધુત કર્મચારીઓ આંદોલન પર, પોલીસ સાથે ઝપાઝપી, બિહારમાં અંધારપટ.
- ♥ પંજાબમાં એક જ પરિવારનાં પાંચ વ્યક્તિઓનાં અકસ્માતમાં મોત.
- ♥ સૂરતમાં ૧૭ કરોડ કાળું નાણું બિલ્ડરો પાસેથી ઝડપાયું.
- ♥ પંજાબમાં ૪૦ હજાર આવાસોનું લોકાર્પણ કરતા મનમોહનસિંહજી
- ♥ સંરક્ષણના ૨૦૦ સોદાઓને મંજુરી આપતા સંરક્ષણમંત્રી એ.કે.એન્ટોની.
- ♥ હજુ પણ દિલ્હીમાં બાળકીઓ પર બળાત્કાર અને છેડતીના બનાવો બને છે.
- ♥ બરનાળામાં વિદ્યાર્થીઓની ધમાલ, લાઠીચાર્જ.
- ♥ અમેરિકામાં આગમાં ૫૦ દુકાનો ભસ્મીભૂત.
- ♥ રશિયામાં માનસિક રોગની હોસ્પિટલમાં આગથી ૩૭ દર્દીનાં મોત.
- ♥ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનર્જીએ પેટ્રોલ પરનો ભાવવધારા સામે વિરોધ કર્યો.
- ♥ આજે રાષ્ટ્રભાષા હિન્દી દિવસની દેશભરમાં ઉજવણી થઇ.
- ♥ કડી પોલીસે બેનામી સિગારેટનો મોટો જથ્થો પકડ્યો.
- ♥ જામનગરમાં વ્યાજખોરોથી એક વ્યક્તિએ જીવન ટૂંકાવ્યું.
- ♥ મોડાસામાં સાર્વજનિક હોસ્પિટલના કર્મચારીઓ અચોક્કસ મુદ્દતની હડતાળ પર.
- ♥ અફઘાનિસ્તાનમાં અમેરિકાના રાજદૂતના કાર્યાલય પર તાલીબાનોનો હુમલો.
- ♥ કઠલાલ પાસે ગણપતિ વિસર્જનમાં ૩ યુવાનો ડૂબ્યા.